
### રિક્ષા અને બાઇક વચ્ચે અકસ્માત : પાર્ક કરેલી કારને પણ નુકસાન

# નાગરવાડામાં રિક્ષાચાલકનો આતંક

(પ્રતિનિધિ), વડોદરા. તા.16

નાગરવાડા ચાર રસ્તા પાસે આવેલી પ્રસિદ્ધ 'મુલ્લા ચાની લારી' સામે આ અકસ્માત સર્જાયો હતો. ફરિયાદી મોહસીન અહેમદ મુખ્ત્યાર અહેમદ શેખ તેમના પુત્ર સાથે બાઈક પર દૂધ લેવા જઈ રહ્યા હતા. તે સમયે રસ્તામાં ઉભેલી એક કારને ઓવરટેક કરતી વખતે સામેથી પૂરપાટ ઝડપે અને રોંગ સાઈડમાં આવતી રિક્ષાએ બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક કાર અને રિક્ષાની વચ્ચે ફસાઈ ગઈ હતી અને વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતનો અવાજ સાંભળતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. પુત્રના હાથમાં ગંભીર ઈજા થતા ટાંકા લેવા પડ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે રિક્ષાચાલક યશ ચૌધરી અને તેની સાથે રિક્ષામાં પાછળ બેઠેલા ભાવિન સીરવડકર બંને નશાની હાલતમાં હતા. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા બંને શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**કડક પગલાની માગ**

હું માંડ 20-30ની સ્પીડમાં જતો હતો, પણ રિક્ષાવાળો અચાનક રોંગ સાઈડમાં આવી ગયો અને મારી આખી બાઈક દબાઈ ગઈ. મારા દીકરાને હાથમાં ટાંકા આવ્યા છે. મારી માંગણી છે કે નશાખોર ચાલક સામે કડક પગલાં લેવાય અને મને થયેલું આર્થિક નુકસાન ભરપાઈ કરી આપવામાં આવે. **મોહસીન અહેમદ** (ઇજાગ્રસ્ત પિતા અને ફરિયાદી)

### સરદાર એસ્ટેટ પાસે ભયંકર અકસ્માત : સ્કોડા કાર અને બાઇક વચ્ચે ટક્કર થતાં કાર પલટી ગઇ

રવિવારે રાત્રે સરદાર એસ્ટેટ પાસે એક ચોંકાવનારો અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે જઈ રહેલી એક સ્કોડા કાર અને એક્ટિવા વચ્ચે થયેલી જોરદાર ટક્કરને કારણે કાર રસ્તા પર જ પલટી ખાઈ ગઈ હતી. સદનસીબે, આ ગંભીર અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. મળતી માહિતી મુજબ, વડોદરાના વ્યસ્ત ગણાતા સરદાર એસ્ટેટ વિસ્તારમાં ગત રાત્રિના સમયે સ્કોડા ગાડી અને એક્ટિવા વચ્ચે અકસ્માત થયો હતો. ઘટનાસ્થળના દ્રશ્યો પરથી અંદાજો લગાવી શકાય છે કે કારની સ્પીડ ખૂબ જ વધારે હોવાને કારણે ટક્કર એટલી પ્રચંડ હતી કે કાર હવામાં ફંગોળાઈને રસ્તાની વચ્ચે જ ઊંધી વળી ગઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારના કુરચેકુરચા બોલી ગયા હતા, પરંતુ સદનસીબે આ દુર્ઘટનામાં એક્ટિવા ચાલક કે કારમાં સવાર કોઈપણ વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી નથી. પ્રાથમિક અહેવાલ મુજબ તમામ લોકો સુરક્ષિત છે. અકસ્માતની જાણ થતાની સાથે જ બાપોદ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે પલટી ગયેલી ગાડીને હટાવવાની કામગીરી હાથ ધરી હતી અને અકસ્માત અંગે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### રૂ.6.80 લાખનો મુદામાલ કબ્જે કર્યો : 2 ઠગ ઝડપાયાં

# બેંકમાં રૂપિયા ઉપાડવા આવેલા ગ્રાહકને નિશાન બનાવી રૂપિયા 2 લાખની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

ગત તા.13 માર્ચ 2026ના રોજ બપોરે અંદાજે 12 થી 12:30 વાગ્યાના સમય દરમિયાન મકરપુરા જીઆઈડીસી વિસ્તારમાં ભૂમિ બેકરી નજીક આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ખાતે બે શખ્સ આવ્યા હતા. બેંકમાં હાજર ગ્રાહકે રૂપિયા બે લાખ ઉપાડ્યા હતા. ગઠિયા તેઓને નાસ્તો કરવાના બહાને બહાર લઈ જઈ તેની થેલીમાં રૂમાલમાં બાંધેલું નકલી બંડલ મૂકી નજર ચૂકવી તેની થેલીમાંથી રૂ.2 લાખની રોકડ રકમ કાઢી બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ અંગે માંજલપુર પોલીસ સ્ટેશનમાં આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ તથા હ્યુમન સોર્સના આધારે આરોપીઓને ઝડપી પાડવા તપાસ ચાલુ રાખી હતી. દરમિયાન આરોપીઓએ ઉપયોગમાં લીધેલી રાજસ્થાન પાસિંગની મારૂતી બલેનો કાર અંગે માહિતી મળતા શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવામાં આવ્યું હતું. દરમિયાન દંતેશ્વર તળાવ સામે રોડ પર શંકાસ્પદ મારૂતી બલેનો કાર પસાર થતી જોવા મળતા પોલીસ ટીમે કાર રોકી તેમાં તપાસ કરતા ચાલક સહિત બે શખ્સ હાજર હોય તેમની પૂછપરછ કરી હતી. સાજીદખાન ઉર્ફે બાબુ સલીમખાન પઠાણ (ઉંમર 34, હાલ રહે કડોદરા પલસાણા, સુરત, મૂળ ઉત્તર પ્રદેશ) અને આયુષ દેવીપ્રસાદ મિશ્રા (ઉંમર 27, હાલ રહે ગંગાધરા પલસાણા, સુરત, મૂળ ઉત્તર પ્રદેશ) હોવાનું સામે આવ્યું હતું. પોલીસ દ્વારા કડકાઈથી પૂછપરછ કરતા બંને આરોપીઓએ તેમની ગેંગના અન્ય બે સાગરીતો સાથે મળીને સુરતથી વડોદરા આવી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ખાતે ગ્રાહકની નજર ચુકવી થેલીમાંથી રૂ.2 લાખની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.




આરોપીઓ પાસેથી રૂ.80 હજાર રોકડ રકમ ગુનામાં ઉપયોગમાં લેવાયેલી મારૂતી બલેનો કાર અને એક મોબાઈલ મળી રૂ.6.80 લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

### સ્માર્ટ સિટીના દાવા પોકળ?

# સુંદરપુરા વિસ્તારમાં બિસ્માર રસ્તા અને અંધારપટ વચ્ચે લોકો જીવવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના વોર્ડ નંબર 19 માં સમાવિષ્ટ સુંદરપુરા પાટિયા પાસે આવેલી વિવિધ સોસાયટીઓના રહીશોએ આજે મહાનગરપાલિકા અને સ્થાનિક નેતાઓ સામે મોરચો માંડ્યો હતો. છેલ્લા ઘણા સમયથી પીવાના પાણી, સ્ટ્રીટ લાઈટ અને ખાસ કરીને બિસ્માર રોડ જેવી પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહીશોએ "રોડ નહીં તો વોટ નહીં" ના નારા સાથે આગામી સમયમાં ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સુંદરપુરા વિસ્તારમાં આવેલી વેદાંત વાટિકા, સર્વ એસ્કોના, વેદાંત વિશ્રામ અને કૃષિ સહિતની 5 થી 6 સોસાયટીઓમાં આશરે 2000 થી વધુ લોકો વસવાટ કરે છે. અહીંના રહીશોનો આક્ષેપ છે કે છેલ્લા 10 વર્ષથી આ વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા વિકાસનું કોઈ કામ કરવામાં આવ્યું નથી. રસ્તાઓ એટલી હદે બિસ્માર છે કે શાળાએ જતા બાળકો અને વૃદ્ધો અવારનવાર પડી જાય છે. રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટના અભાવે અવરજવર કરવી જોખમી બની ગઈ છે. રહીશોએ ઉગ્ર આક્રોશ સાથે જણાવ્યું હતું કે, "ચૂંટણી સમયે મત માંગવા આવતા ચાર કોર્પોરેટરોમાંથી એક પણ કોર્પોરેટર જીત્યા પછી આજ દિન સુધી સોસાયટીની મુલાકાતે આવ્યા નથી. આ બાબતે રહીશોએ 'કોર્પોરેશન હાય હાય' અને 'ભાજપના કોર્પોરેટર હાય હાય' ના નારા લગાવી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. રહીશોએ જણાવ્યું હતું કે પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે મ્યુનિસિપલ કમિશનર સુધી રજૂઆત કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "જો કોર્પોરેશન આટલા કરોડોનું બજેટ ફાળવતી હોય તો આ ટેક્સ ભરતી જનતાને રોડ-રસ્તા જેવી પાયાની સુવિધા કેમ નથી મળતી? જરૂર પડશે તો અમે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવીશું અને RTI દ્વારા બજેટના ખર્ચની વિગતો પણ માંગીશું." સોસાયટીના રહીશોએ એકસૂરે જાહેર કર્યું છે કે જો વહેલી તકે રોડ અને ગટરની સુવિધા આપવામાં નહીં આવે, તો તેઓ આગામી ચૂંટણીમાં કોઈ પણ પક્ષને વોટ આપશે નહીં.



### છાસ લેવા આવેલી બાળકી સાથે ગેર વર્તન રહીશોમાં ઉગ્ર રોષ

# પોલો ગ્રાઉન્ડ પાસેની સોસાયટીમાં બાળકી સાથે વૃદ્ધના અડપલાં

(પ્રતિનિધિ) વડોદરા તા.16

સંસ્કારી નગરી વડોદરામાં માસૂમ બાળકોની સુરક્ષા અંગે ફરી સવાલો ઊભા થયા છે. શહેરના પોલો ગ્રાઉન્ડ નજીક આવેલી સોસાયટીમાં એક વૃદ્ધ દુકાનદારે નાની બાળકી સાથે શારીરિક અડપલાં કર્યા હોવાની શરમજનક ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. સ્થાનિક લોકોનો રોષ પારખી જતા પોલીસ દ્વારા આરોપી વૃધ્ધને રાઉન્ડ અપ કરી લેવામાં આવ્યો છે. વડોદરા શહેરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતી એક બાળકી નજીક આવેલી જનરલ સ્ટોર પર છાસ લેવા માટે ગઈ હતી. આ દરમિયાન દુકાન ચલાવતા વૃદ્ધે બાળકી સાથે ગેર વર્તન કરવા લાગ્યો હતો. ગભરાયેલી બાળકી રડતી હાલતમાં ઘરે પહોંચી અને સમગ્ર ઘટના પરિવારજનોને જણાવી હતી. ઘટના વાયુવેગે સોસાયટીમાં ફેલાતા મોટી સંખ્યામાં રહીશો દુકાન બહાર ભેગા થઈ ગયા હતા અને આરોપી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. સોસાયટીની કેટલીક મહિલાઓએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે આરોપી દુકાનદારની હરકતો અગાઉ પણ શંકાસ્પદ રહી છે અને બે-ત્રણ વખત આવી ફરિયાદો ઉઠી હતી, પરંતુ વાલીઓ લાજ-શરમના કારણે ખુલ્લેઆમ ફરિયાદ કરતા નહોતા. આ ઘટનાએ લોકોનો ગુસ્સો ભભૂકી ઉઠ્યો હતો. ઘટનાની જાણ થતા જ નવાપુરા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. લોકોના આક્રોશ વચ્ચે પોલીસે આરોપી દુકાનદારને કસ્ટડીમાં લઈ બાળકી અને તેના પરિવારના નિવેદન નોંધ્યા છે અને સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્થાનિકોએ આડશ મૂકી તંત્રને વહેલી તકે જાગવા આપી ચેતવણી

# ગોરવા ITI રોડ પર ભૂવો: રાત્રિના સમયે વાહનચાલકો માટે જોખમ

(પ્રતિનિધિ), વડોદરા. તા.16

સ્માર્ટ સિટી વડોદરામાં તંત્રની કામગીરી અને રોડ રસ્તાની ગુણવત્તા સામે ફરી એકવાર સવાલો ઉભા થયા છે. શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા વ્યસ્ત આઈ.ટી. આઈ. રોડ પર અચાનક એક વિશાળ ભૂવો પડતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉનાળાની શરૂઆતમાં જ પડેલા આ ભૂવાએ વડોદરા કોર્પોરેશનની "સ્માર્ટ" કામગીરીની પોલ ખોલી નાખી છે.

ગોરવા વિસ્તારમાં આવેલી જય સત્યનારાયણ સોસાયટી પાસેના મુખ્ય માર્ગ પર રવિવારના રોજ અચાનક જમીન ધસી પડી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ભૂવો ઉપરથી નાનો દેખાય છે, પરંતુ અંદરથી અંદાજે 12 ફૂટ જેટલો લાંબો અને અત્યંત ઊંડો છે. આ માર્ગ દૈનિક અવરજવર માટે ખૂબ જ વ્યસ્ત રહે છે, જ્યાંથી ખાનગી કંપનીઓની બસો અને ભારે વાહનો સતત પસાર થાય છે.

સ્થાનિક રહીશોએ તંત્ર સામે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, "વડોદરા હવે ભૂવા નગરી અને મચ્છર નગરી બની ગયું છે. સ્માર્ટ સિટીની વાતો માત્ર કાગળ પર જ રહી છે." રહીશોએ વધુમાં ઉમેર્યું કે આ માર્ગ પરથી જો રાત્રિના સમયે કોઈ અજાણ્યો વાહનચાલક પસાર થાય, તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી પૂરેપૂરી શક્યતા છે. ભૂવાની ઊંડાઈ એટલી વધારે છે કે અંદર શું છે તે કેમેરામાં પણ સ્પષ્ટ દેખાતું નથી.કોઈ મોટી હોનારત ન સર્જાય તે માટે જાગૃત નાગરિકોએ ભૂવાની આસપાસ આડશ મૂકી દીધી છે અને ત્યાંથી પસાર થતા વાહનચાલકોને સાવધ કરી રહ્યા છે. લોકોની માગ છે કે કોર્પોરેશન દ્વારા કોઈ પણ પ્રકારના વિલંબ વગર તાત્કાલિક ધોરણે આ ભૂવાનું સમારકામ કરવામાં આવે.હાલમાં આ ભૂવો સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે .



### વડોદરામાં જળક્રાંતિનો શંખનાદ

# સી.આર. પાટીલના જન્મદિને 'જન ભાગીદારીથી જળ સંચય'નો પ્રારંભ



(પ્રતિનિધિ), વડોદરા. તા.16

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલજીના 71મા જન્મદિનની વડોદરામાં પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી છે. 'સેવા જ પરમો ધર્મ'ના સૂત્રને સાર્થક કરતા, ઈન્દુ ફાઉન્ડેશન દ્વારા શહેરમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે 'જન ભાગીદારીથી જળ સંચય' અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત વડોદરાના ભૂગર્ભ જળસ્તરને રિચાર્જ કરવા માટે આધુનિક રેઈન વોટર હાર્વેસ્ટિંગ ટેકનોલોજીનો વ્યાપ વધારવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

શહેર ભાજપ અગ્રણી ડૉ. વિજય શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે, સી.આર. પાટીલજીના 71 વર્ષ પૂર્ણ થવાના અવસરે શહેરની દરેક વિધાનસભા દીઠ 71 મળી કુલ 355 રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. આ અભિયાન માત્ર સરકારી સ્તરે નહીં, પરંતુ સામાન્ય નાગરિકોને જોડીને એક જન-આંદોલન બનાવવાનો પ્રયાસ છે. આ પ્રોજેક્ટના શ્રીગણેશ શ્રી નવીનસિંહ જેતાવતના નિવાસસ્થાનેથી કરવામાં આવ્યા હતા.

આ યોજના હેઠળ રહેણાંક સોસાયટીઓ અને ખાનગી મિલકતોમાં બોરવેલ રિચાર્જ સિસ્ટમ માટે 50% ખર્ચ જન ભાગીદારી (મિલકત ધારક) દ્વારા અને બાકીનો સહયોગ ફાઉન્ડેશન/સંસ્થા દ્વારા કરી આપવામાં આવશે.

# વાપીમાં રૂ. 29 લાખના ઘરેણા ચોરીમાં આરોપીના જામીન નામંજૂર

વલસાડઃ વાપીમાં ઘરેણા ચોરીના આરોપીએ જામીન પર છૂટવા માટે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતા જજ એચ. એન. વકીલે સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આરોપીના જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

વાપી અંબામાતા મંદિર પાસેની એક કોલોનીમાં રહેતો પરિવાર ઘર બંધ કરી મહારાષ્ટ્ર ગયો હતો. ત્યારે કોઈ ચોર તેમના ઘરમાં પ્રવેશી સોનાના 24 તોલા દાગીના કિંમત 26.95 લાખની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જોકે પોલીસે તેને ઝડપી લીધો હતો.

આ અંગે પોલીસ ફરિયાદ થતાં પોલીસે આ ગુનામાં સંડોવાયેલા આરોપી અજય કાંતીલાલ સોલંકીની ધરપકડ કરી હતી.

### બે પોલીસકર્મી અને ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયા

# વડોદરામાં 112ની જનરક્ષક ટીમ પર હુમલો કરનાર દંપતિ ઝડપાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં પારિવારિક ઝઘડાની માહિતી મળતા સ્થળ પર પહોંચેલા પોલીસકર્મીઓ પર દંપતી દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં બે પોલીસકર્મી અને 112 જનરક્ષક વાનના ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે હુમલો કરનાર દંપતીની ધરપકડ કરી છે.

માહિતી મુજબ કારેલીબાગ વિસ્તારમાં બહુચરાજી રોડ ઉપર ઝઘડો ચાલતો હોવાના "થ્રેટ ટુ લાઈફ" અંગે 112 પર કોલ મળતા જનરક્ષક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં પહોંચતા ઈન્દીરાબેન ભાર્ગવ અને તેમના પતિ ધીરજભાઈ બનવારીલાલ સરોજ તેમની માતા સાથે ઝઘડો કરી રહ્યા હતા. પોલીસકર્મીઓએ તેમને શાંતિ જાળવવા સમજાવતાં બંને એકાએક ઉશ્કેરાઈ ગયા હતા.આ દરમિયાન દંપતીએ પોલીસકર્મીઓને ગાળો આપી ઝપાઝપી શરૂ કરી હતી. ધીરજભાઈએ જમીન પર પડેલા પથ્થરના બ્લોકથી એલઆરડી જવાન દીપકકુમાર તેજાભાઈના હાથ પર માર માર્યો હતો અને છૂટા પથ્થરથી છાતી પર હુમલો કર્યો હતો. વચ્ચે પડેલા જનરક્ષક 112ના ડ્રાઈવર પરેશભાઈ નરવતસિંહ ચૌહાણને પણ ખભા પર પથ્થર મારી ઈજા પહોંચાડી હતી.મામલો વધુ ઊગ્ર બનતા જનરક્ષક ઈન્ચાર્જે શહેર કંટ્રોલ રૂમમાં મદદ માટે કોલ કર્યો હતો. બાદમાં કારેલીબાગ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસકર્મીઓએ આરોપી ધીરજભાઈને કાબૂમાં લઈને ગાડીમાં બેસાડ્યો હતો, પરંતુ તે દરમિયાન તેણે ડ્રાઈવરને પણ માર માર્યો હતો અને તેમનો શર્ટ ફાડી નાખ્યો હતો. સાથે જ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા પોલીસકર્મી દીપકકુમાર તેજાભાઈ અને ડ્રાઈવર પરેશભાઈને સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે અનાર્મ લોકરક્ષક દીપકકુમાર તેજાભાઈએ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી દંપતી ઈન્દીરાબેન ધીરજભાઈ સરોજ અને ધીરજભાઈ બનવારીલાલ સરોજ (રહે. સોમાતલાવ ચાર રસ્તા, મહાદેવ મંદિર પાસે, વડોદરા) સામે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.



### 18 થી 20 માર્ચ સુધી વાતાવરણ પલટાશે


# શહેરમાં ગરમીનો પારો ઘટીને 36 ડીગ્રી નોંધાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16

વડોદરામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો સતત ઊંચે જઈ રહ્યો છે અને લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. ત્યારે, હવે વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સની અસરને કારણે ગરમીના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. જેના કારણે નગરજનોને રાહત થઈ છે. ત્યારે, સોમવારે મહત્તમ તાપમાન 36 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 24.4 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 86 ટકા અને સાંજે 30 ટકા નોંધાયું હતું.

આગામી બે ત્રણ દિવસમાં ફરી તાપમાનમાં ઘટાડો થવાની શકયતા વ્યક્ત કરવામાં આવી છે. સાથે રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે આવતી 18, 19 અને 20 માર્ચના રોજ કમોસમી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આ દિવસો દરમિયાન 30 થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ સાથે વરસાદ પડવાથી મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છેક ગુજરાત સુધી વિસ્તરેલું હોવાથી આ માવઠું પડશે. જોકે, સારી વાત એ છે કે આ વરસાદને કારણે આગામી ચાર દિવસમાં તાપમાન ઘટશે અને ગરમીથી થોડી રાહત મળશે.

ઉલ્લેખનિય છે કે, જો માવઠુ પડે તો હાલ ખેતરમાં ઘંઉ સહિતના પાકો માટે ઉતારાનો સમય ચાલી રહ્યો છે આ સમયમાં ખેડૂતોને મોટી આર્થિક હાનિ પહોંચવાની સંભાવના રહેલી છે.



### હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા તણાવ વ્યવસ્થાપન વિષયક વર્કશોપ

# આત્મવિશ્વાસ સાથે શૈક્ષણિક લક્ષ્યો હાંસલ કરી શકે તે માટે પ્રયાસ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના હોલ્સ ઓફ રેસિડન્સ દ્વારા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને શૈક્ષણિક પ્રદર્શનને ધ્યાનમાં રાખીને એક વિશેષ પ્રયોગાત્મક અને ઈન્ટરેક્ટિવ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આવનારી યુનિવર્સિટી પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન અનુભવાતા તણાવ અને માનસિક દબાણને યોગ્ય રીતે સંભાળી શકે. આ વર્કશોપ PsychEd, વડોદરાના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો છે. પરીક્ષાના દબાણનું મનોવિજ્ઞાન તણાવને શક્તિમાં ફેરવવો શીર્ષક હેઠળ યોજાતો આ કાર્યક્રમ દરમિયાન યુનિવર્સિટીના હોલ્સ ઓફ રેસિડન્સ હેઠળ આવતા વિવિધ હોસ્ટેલોમાં આયોજન કરવામાં આવી રહ્યો છે. આ વર્કશોપનો પ્રારંભ 16 માર્ચ, 2026ના રોજ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે આ વર્કશોપનું સફળ આયોજન પી.જી. હોલ, એસ.જે. હોલ અને એમ.વી. હોલમાં કરવામાં આવ્યું હતું, જેમાં હોસ્ટેલના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પરીક્ષા સંબંધિત તણાવ અને દબાણને સમજવા તથા તેને સકારાત્મક શક્તિમાં પરિવર્તિત કરવા માટે વિવિધ માનસિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હોલ્સ ઓફ રેસિડન્સ હેઠળ આવતા કુલ 16 હોસ્ટેલોના વિદ્યાર્થીઓ માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં અન્ય હોસ્ટેલોમાં પણ આ વર્કશોપનું આયોજન કરવામાં આવશે.



### ભારે જહેમતે રેસ્ક્યુ કરાયો

# એમએસયુમાં મહાકાય મગરની એન્ટ્રીથી તંત્રમાં ભારે દોડધામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16

એમ.એસ યુનિવર્સિટી ની સાયન્સ ફેકલ્ટીની પાછળથી પસાર થતી વિશ્વામિત્રી નદીની ભૂકી કાંસ મારફતે યુનિવર્સિટીમાં મહાકાય મગર આવી ગયો હતો. જેની જાણ થતા જ વન વિભાગની ટીમ યુનિવર્સિટી ખાતે પહોંચી હતી. રાત્રીનો સમય હોવાથી ટોર્ચના અજવાળે ભારે ભારે જહેમતે મગરનું રેસ્ક્યુ કરી પાંજરે પુરવામાં આવ્યો હતો. વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી મગરનોનું આશ્રય સ્થાન માનવામાં આવે છે. સમગ્ર વડોદરા શહેરના જુદા જુદા વિસ્તારોમાં વિશ્વામિત્રી નદી સાથે જોડાણ થતી કાંસો અને નાળાઓ મારફતે રહેણાંક વિસ્તારોમાં મગર આવી જતા હોવાના અનેક કિસ્સાઓ બન્યા છે. વિશ્વવિખ્યાત વડોદરા ની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ની સાયન્સ ફેકલ્ટી પાછળથી પણ વિશ્વામિત્રી નદીની ભૂકી કાંસ પસાર થાય છે. અગાઉ પણ ઘણી વખત આ કાંસ માંથી મગર આવી જતા હોવાની ઘટના બની ગઈ છે. ત્યારે ગત રાત્રીએ પણ સાયન્સ ફેકલ્ટીની પાછળ વિશ્વામિત્રી નદીની ભૂકી કાંસ માંથી એક મહાકાય મગર ઉપર આવી ગયો હતો. આ ઘટના અંગેની જાણ થતા ખાનગી સંસ્થાના યશ તડવી તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા હતા અને વિભાગને જાણ કરાતા તેઓની ટીમ ક્રોકોડાઈલ રેસ્ક્યુ વાન સાથે યુનિવર્સિટી ખાતે પહોંચી હતી. જ્યાં તપાસ કરતા આશરે સાડા આઠ થી નવ ફૂટનો મહાકાય મગર નજરે પડ્યો હતો. જોકે રાત્રિનો સમય હોવાથી અંધારું હોય ટોર્ચના અજવાળે સર્વપ્રથમ આ મગરને રસ્સા વડે બહાર ખેંચી લાવી ભારે જહેમતે પાંજરે પુરવામાં આવ્યો હતો.



### મોબાઈલ અને હેન્ડગ્લોવ્સ દુકાને મૂકીને દોટ મૂકી કેનાલમાં કૂદ્યો

# "હું પડું છું, જોજો" કહી મહલી કેનાલમાં કૂદી યુવકનો આપઘાત

**દુકાનદારે** બચાવવાનો પ્રયાસ કર્યો છતાં યુવકને બચાવી ન શક્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા જિલ્લાના પાદરા તાલુકા પાસે આવેલી મહલી કેનાલમાં કૂદી એક યુવકે આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. લગભગ એક કલાકની ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડે યુવકનો મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢી પાદરા પોલીસને સોંપ્યો હતો. ત્યારબાદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

માહિતી મુજબ પાદરા તાલુકાના ડભાસા ગામના રહેવાસી અતુલભાઈ રેવજીભાઈ ઠાકોર (ઉંમર 25 વર્ષ) મહલી કેનાલમાં કૂદી જતા ડૂબી ગયા હતા. ઘટના બનતા આસપાસના લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને તાત્કાલિક ફાયર બ્રિગેડ તથા પોલીસને જાણ કરવામાં આવી હતી.જીઆઈડીસી ફાયર સ્ટેશનના સબ ઓફિસર જયદાન બારહટ અને સર સૈનિક વિપુલ સાધુ સહિતની ટીમ બોટ અને એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમે કેનાલમાં બોટ ઉતારીને શોધખોળ શરૂ કરી અને લગભગ એક કલાક બાદ યુવકનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

માહિતી મુજબ યુવક છેલ્લા પાંચ-છ દિવસથી વારંવાર કહેતો હતો કે "હું કેનાલમાં પડીને મરી જઈશ." ઘટનાના દિવસે તે પોતાની સાઈકલ લઈને કેનાલ પાસે આવેલી સાઈકલની દુકાને ગયો હતો. ત્યાં તેણે પોતાની સાઈકલ, મોબાઈલ અને હેન્ડગ્લોવ્સ દુકાનદાર પાસે મૂક્યા હતા અને "હું પડું છું, જોજો" એવું કહી દોડતો કેનાલમાં કૂદી ગયો હતો.

આ સમગ્ર ઘટના સાઈકલની દુકાન ચલાવતા વ્યક્તિએ પોતાની આંખે જોઈ હતી. તેમણે યુવકને બચાવવાનો પ્રયાસ કર્યો અને બૂમાબૂમ કરીને લોકોનું ધ્યાન દોર્યું હતું, પરંતુ ત્યાં સુધીમાં યુવક પાણીમાં ડૂબી ગયો હતો.પોલીસ પૂછપરછ દરમિયાન મૃતકના પિતાએ જણાવ્યું હતું કે યુવક લાંબા સમયથી ચામડીની બીમારીથી પીડાતો હતો અને તેની સારવાર પણ ચાલી રહી હતી. સારવાર છતાં કોઈ ખાસ ફરક ન પડતા તે માનસિક રીતે કંટાળી ગયો હોવાનું માનવામાં આવી રહ્યું છે. હાલ પાદરા પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.